# સુણો શાંતિ જીણંદ સૌભાગી

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

તુમ નિરાગી ભગવંત, જોતા કેમ મળશે તંત

હું તો ક્રોધ કષાયનો ભરીયો, તું તો ઉપશમરસનો દરિયો

હું તો અજ્ઞાને આવરીયો, તું તો કેવળ કમલા વરિયો

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

હું તો વિષયારસનો આશી, તે તો વિષયા કીધી નીરાશી

હું તો કર્મના ભારે ભર્યો, તે તો પ્રભુ ભાર ઉતાર્યો

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

હું તો મોહતણે વશ પડીયો, તે તો સઘળા મોહને હણીયો

હું તો ભવસમુદ્રમાં ખુંચ્યો, તું તો શિવમંદિરે પહોંચ્યો

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

મારે જન્મ મરણનો જોરો, તે તો તોડ્યો તેહનો દોરો

મારો પીછો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

મને માયાએ મુક્યો ફાસી, તું તો નિરબંધન અવિનાશી

હું તો સમકિતથી અધુરો, તું તો સકલ પદાર્થે પૂરો

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

મારે છો તું હી પ્રભુ એક, તારે મુજ સરીખા અનેક

હું તો મનથી ન મુકું માન, તું તો માન રહિત ભગવાન

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

મારું કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે રાય

એક કરો મુજ કરો મેહરબાની, મારો મુજરો લેજો માની

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

એક વાર જો નજરે નીરખો તો, કરો મુજને તુમ સરીખો

જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગું છું દેવાધિદેવા

સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી

સુણો શાંતિ જીણંદ સૌભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી

2016-03-29 -